**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=====================================================

**અમદાવાદ મધ્યે ગુજરાત ઉચ્ચ અદાલતમાં**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૧૯૪૪/૨૦૧૪**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૭૮૦૭/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૩૬૫/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૩૬૬/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૮૨૫/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૯૪૪૩/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૯૪૮૧/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૬૩૦/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૬૩૧/૨૦૧૫**

**થી**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૦૬૭૨/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૭૪૦/૨૦૧૭**

**મંજૂરી અને હસ્તાક્ષર અર્થેઃ**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી રાજેશ એચ શુકલા :સહિ/–**

=========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું લોકલ અખબારના રિપોર્ટર્સને ચુકાદો જોવા માટે મંજૂરી આપી શકાય? | **હા** |
| ૨ | રિપોર્ટરને સંદર્ભિત કરવો કે નહીં? | **હા** |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તિ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | **હા** |

| | | |
|---|---|---|
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ આદેશના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સામેલ છે? | **હા** |

==========================================================

**પટેલ પીયૂષકુમાર રણછોડભાઈ અને ૧૦૧.અપીલકર્તાઓ/અરજદારો**

વિરુદ્ધ

**બેંક ઓફ બરોડા–આશ્રમ રોડ શાખા અને ૧.સામાવાળાઓ**

==========================================================

ઉપસ્થિતી:

**વિશેષ દિવાની અરજી નંબર.૧૧૯૪૪/૨૦૧૪ & ૧૮૭૪૦/૨૦૧૭**

અરજદારો તરફે શ્રી. તત્વન પટેલ સાથે વરિષ્ઠ વકીલ શ્રી શાલિન મેહતા,

પ્રતિવાદીઓ તરફે શ્રી. બી. ટી. રાઓ.:૧, પ્રતિવાદી (ઓ) તરફે નોટીસ બજેલ–૨,

**વિશેષ દિવાની અરજી નંબર.૧૭૮૦૭,૧૮૮૨૫,૧૯૪૩,**

**૧૯૪૮૧, ૨૦૬૩૦ અને ૨૦૬૩૧ થી ૨૦૬૭૨/૨૦૧૫**

શ્રી એસ. આઈ. નાનાવટી, અરજદારો માટે શ્રી તત્વન પટેલ સાથે વરિષ્ઠ વકીલ, પ્રતિવાદીઓ માટે શ્રી ભાર્ગવ પંડ્યા એ. જી. પી.:૧, પ્રતિવાદીઓ માટે શ્રી. બી. ટી.રાઓ.:૨,

પ્રતિવાદી (ઓ) તરફે નોટીસ બજેલ–૩,

**<u>વિશેષ દિવાની અરજી નંબર ૧૮૩૬૫ અને ૧૮૩૬૬/૨૦૧૫</u>**

અરજદારો માટે શ્રી વિરેન્દ્ર બહેતી,

પ્રતિવાદીઓ માટે શ્રી ભાર્ગવ પંડ્યા એ. જી. પી.:૧, પ્રતિવાદીઓ માટે શ્રી. બી. ટી. રાઓ.:૨,

પ્રતિવાદી (ઓ) તરફે નોટીસ બજેલ–૩,

==========================================================

**ન્યાયપીઠઃ માનનીય ન્યાયમૂર્તિ રાજેશ એચ શુકલા**

**તારીખ: ૦૧/૦૨/૨૦૧૮**

**મૌખિક ચુકાદો**

૧. હાલની અરજીઓ અરજદારો દ્વારા ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯, ૨૧ અને ૨૨૬ હેઠળ તેમજ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જે હવે પછી "સરફેસી એક્ટ (SARFAESI Act)" તરીકે ઉલ્લેખિત છે) ની જોગવાઈઓ હેઠળ અરજીના મેમોમાં જણાવેલ કારણોસર સરફેસી એક્ટ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને સામાવાળા નં. ૧ બેંક ઓફ બરોડા, આશ્રમ રોડ બ્રાન્ચ, અમદાવાદ દ્વારા જારી કરાયેલ વાદગ્રસ્ત નોટિસ તારીખ ૧૨/૦૭/૨૦૧૪ રદ કરવા અને બાતલ ઠરાવવા માટે યોગ્ય રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરવા માટે વિગતવાર કરવામાં આવેલી અરજ મુજબ દાખલ કરવામાં આવેલી છે.

૨. આ કેસની હકીકતો ટૂંકમાં નીચે મુજબ છે.

૩. આ અરજીઓના જૂથમાં અરજદારો શુકન ગોલ્ડ કોર્પોરેશન દ્વારા જમીન સર્વે નં. ૨૩૬, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૩, ફાઇનલ પ્લોટ નં. ૬૪/બી માં બાંધવામાં આવેલી સ્કીમના સભ્યો છે. સામાવાળા નં. ૨ મેસર્સ શુકન ગોલ્ડ કોર્પોરેશન, એક ભાગીદારી પેઢીએ, અરજદારો અને અન્ય સભ્યોની તરફેણમાં વિવિધ વેચાણ સમજૂતી (agreement to sale) કરી છે, જેમાં એનેક્ષર–એ માં વિગતવાર જણાવેલ બાંધકામવાળી મિલકતો પરના અધિકારો સોંપવામાં આવ્યા છે અને તેમને યુનિટ/ફ્લેટ ફાળવવામાં આવ્યા છે. અરજદારોએ તેમને ફાળવવામાં આવેલા વ્યક્તિગત યુનિટ/ફ્લેટ પર લોન પણ લીધી છે. એવું કથન કરવામાં આવ્યું છે કે લોન મેળવતા પહેલા તેમના દ્વારા ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું છે, જેના માટે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૧૯૪૪/૨૦૧૪ ના એનેક્ષર–બી ખાતે રેકોર્ડ પર એક સભ્યના સંદર્ભમાં આવું ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, કેટલાક સભ્યોને સામાવાળા નં. ૨ દ્વારા એક્ઝિક્યુટ કરાયેલ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ દ્વારા પણ ફાળવણી કરવામાં આવી છે. આવા એક ઉદાહરણનો સંદર્ભ એક મોહનદાસન પન્નાનચીકલની તરફેણમાં ફ્લેટ નં. ઈ–૧૦૧ અને ફ્લેટ નં. એફ–૪૦૩ ના સંદર્ભમાં

અન્ય કેટલાક નામવાળા પારેખ જિતેન્દ્રકુમાર ઈશ્વરલાલના સંદર્ભમાં આપવામાં આવ્યો છે. એવું કથન કરવામાં આવ્યું છે કે અરજદારોએ તારીખ ૧૬/૦૮/૨૦૧૧ ના રોજ સામાવાળા નં. ૨ દ્વારા બાંધવામાં આવેલી સ્કીમમાં ફ્લેટની ખરીદી માટે વેચાણ અવેજ ચૂકવ્યો છે. જોકે, સામાવાળા નં. ૨ અને સામાવાળા નં. ૧ વચ્ચે ગીરો દસ્તાવેજ (mortgage deed) કરવામાં આવ્યો હતો અને અરજદારો આવા કોઈપણ ગીરો દસ્તાવેજ વિશે જાણતા ન હતા. એવું જણાવવામાં આવ્યું છે કે આવા ગીરો દસ્તાવેજના અમલીકરણ સમયે સામાવાળા નં. ૧ અથવા સામાવાળા નં. ૨ દ્વારા કોઈ જાહેર નોટિસ આપવામાં આવી નથી. એવું પણ કથન કરવામાં આવ્યું છે કે "શુકન ગોલ્ડ" તરીકે ઓળખાતી સ્કીમના કોઈપણ સભ્યોને આવા ગીરો દસ્તાવેજ કરવામાં આવનાર હોવા અંગે જાણ કરવામાં આવી ન હતી. તેથી, એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૧–બેંકે પણ તારીખ ૧૬/૦૮/૨૦૧૧ ના ગીરો દસ્તાવેજમાં પ્રવેશતા પહેલા કોઈ કાળજી લીધી નથી. તેથી, એવી દલીલ કરવામાં આવે છે કે આ મિલીભગત (collusive) છે અને અરજદારોના અધિકારોને પૂર્વગ્રહ (prejudice) પહોંચાડે છે, જેઓ મૂલ્ય માટે શુદ્ધ બુદ્ધિથી (bona fide) ખરીદનારા છે. એવું પણ કથન કરવામાં આવ્યું છે કે ગીરો દસ્તાવેજ તારીખ ૧૬/૦૮/૨૦૧૧ ના રોજ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે, તેમ છતાં વર્ષ ૨૦૧૪ સુધી ગીરો અંગે કોઈ એન્ટ્રી

રિપોર્ટ અથવા નોંધણી કરવામાં આવી નથી. એવું કથન કરવામાં આવ્યું છે કે તારીખ ૨૭/૦૬/૨૦૧૨ ના રોજ સબ-રજિસ્ટ્રારની ઓફિસમાંથી લેવામાં આવેલી સર્ચના આધારે, તારીખ ૧૬/૦૮/૨૦૧૧ નો કોઈ દસ્તાવેજ કરવામાં આવ્યો હોવાનું દર્શાવતું નથી અને સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૧૯૪૪/૨૦૧૪ ના એનેક્ષર-એફ ખાતે સર્ચ રિપોર્ટની નકલ રજૂ કરવામાં આવી છે. તેથી, એવી દલીલ કરવામાં આવી છે કે એક તરફ, સામાવાળા નં. ૨ એ સામાવાળા નં. ૨ દ્વારા બાંધવામાં આવેલા ફ્લેટ્સના સંદર્ભમાં કિંમતી અવેજ અને જંગી રકમ મેળવ્યા પછી અરજદારોની તરફેણમાં વેચાણ સમજૂતી અથવા વેચાણ દસ્તાવેજ કર્યો હતો અને બીજી તરફ, સોસાયટીના સભ્યો દ્વારા ખરીદવામાં આવેલા ફ્લેટ્સ વિવિધ બેંકોને ગીરો તરીકે આપીને વ્યક્તિગત મિલકતો પર ચાર્જ ઊભો કરવામાં આવ્યો છે અને, જ્યારે તારીખ ૧૬/૦૮/૨૦૧૧ ના ગીરો દસ્તાવેજ અનુસાર પ્રશ્નવાળી જમીન પર ચાર્જ ઊભો કરવા બાબતે સામાવાળા નં. ૧ દ્વારા તારીખ ૧૩/૦૪/૨૦૧૪ ની જાહેર નોટિસ પ્રકાશિત કરવામાં આવી, ત્યારે અરજદારોને તેના વિશે જાણ થઈ. તેથી, સોસાયટી એટલે કે શુકન ગોલ્ડ હાઉસિંગ સર્વિસ સોસાયટીના સભ્યો દ્વારા વકીલ મારફતે તારીખ ૨૨/૦૪/૨૦૧૪ ના રોજ જવાબ આપવામાં આવ્યો હતો જે એનેક્ષર-આઇ ખાતે રજૂ કરવામાં આવ્યો છે. ત્યારબાદ, વિગતવાર જણાવ્યા મુજબ, અરજદારોના સભ્યોમાંથી એક સભ્ય દ્વારા

સામાવાળા નં. ૨ મેસર્સ શુકન ગોલ્ડ કોર્પોરેશનના ભાગીદારો સામે ફોજદારી ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી. તેથી, એવી દલીલ કરવામાં આવે છે કે અરજદારોનો કેસ એવો છે કે બદઈરાદા સાથે અને મિલીભગતથી, સહકારી મંડળીના સભ્યો એટલે કે અરજદારોને કોઈ જાણ કર્યા વિના સામાવાળા નં. ૧ અને સામાવાળા નં. ૨ વચ્ચે ગીરો દસ્તાવેજ દાખલ કરવામાં આવ્યો છે. તેથી એવી દલીલ કરવામાં આવે છે કે આવા મિલીભગતવાળા કૃત્યથી વર્તમાન અરજદારોના અધિકારોને અસર થઈ શકે છે, અને સામાવાળા નં. ૧ બેંકે પણ સામાવાળા નં. ૨ સાથે ગીરો દસ્તાવેજ દાખલ કરતી વખતે ઉક્ત મિલકતોના કોઈપણ વ્યવહાર અથવા ખરીદી અંગે વાસ્તવિક ભૌતિક ચકાસણી બાબતે કાળજી લીધી નથી. એવી ખાસ દલીલ કરવામાં આવી છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તારીખ ૨૭/૦૮/૨૦૦૯ ના રોજ એક પરિપત્ર પ્રકાશિત કર્યો છે જેમાં બિલ્ડરો માટે બ્રોશરમાં અથવા અખબારમાં ગીરોની વિગતો પ્રકાશિત કરવી ફરજિયાત બનાવવામાં આવી છે, જેની નકલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૧૯૪૪/૨૦૧૪ ના એનેક્ષર–એમ ખાતે રજૂ કરવામાં આવી છે. તેથી, એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૨ ને તેના બ્રોશરમાં આવી કોઈપણ વિગતો પ્રકાશિત કરવાનો નિર્દેશ આપવાની ફરજ સામાવાળા નં. ૧ પર લાદવામાં આવી હતી કારણ કે તેઓ વૈધાનિક જવાબદારી નિભાવવામાં નિષ્ફળ ગયા છે. અરજદારો

આવા ગીરો દસ્તાવેજના અમલીકરણ વિશે જાણતા ન હોવાથી તેમના અધિકારને પૂર્વગ્રહ થવો જોઈએ નહિ. એવું ખાસ જણાવવામાં આવ્યું છે કે સામાવાળા નં. ૧ બેંકે યોગ્ય ચકાસણી કર્યા વિના અથવા જરૂરી મુલાકાત લીધા વિના સામાવાળા નં. ૨ ને જંગી લોન આપી હોઈ શકે છે, જેના પરિણામે, આખરે સભ્યો દ્વારા ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે, પરંતુ, સામાવાળા નં. ૧ બેંકે સામાવાળા નં. ૨ મેસર્સ શુકન ગોલ્ડ કોર્પોરેશનના ભાગીદારો સામે કોઈ ફોજદારી ફરિયાદ દાખલ કરી નથી, જે મિલીભગત સૂચવે છે. તેથી, એવી દલીલ કરવામાં આવે છે કે સરફેસી એક્ટ હેઠળની કથિત સત્તાઓનો ઉપયોગ કરીને આપવામાં આવેલી વાદગ્રસ્ત નોટિસ રદ અને બાતલ કરવામાં આવે.

૪. સામાવાળા નં. ૧–બેંક દ્વારા એફિડેવિટ–ઈન–રિપ્લાય દાખલ કરવામાં આવી છે જેમાં અન્ય બાબતોની સાથે દલીલ કરવામાં આવી છે કે અનુચ્છેદ ૨૨૬ હેઠળ અરજી ચલાવવાપાત્ર નથી કારણ કે તેમાં અત્યંત વિવાદિત હકીકતોના પ્રશ્નો સામેલ છે જેનો ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની આવી અરજીમાં ન્યાયનિર્ણય કરી શકાય નહિ. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સામાવાળા નં. ૧ બેંકે દસ્તાવેજી પુરાવાની ચકાસણી કર્યા પછી શુકન ગોલ્ડને રૂ. ૨૦ કરોડની લોન આપી હતી. એવી દલીલ કરવામાં આવી છે કે લોન મંજૂર કરતી વખતે, લેણદાર

એટલે કે સામાવાળા નં. ૨ મેસર્સ શુકન ગોલ્ડ કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે તેણે ૨૬૮ ફ્લેટ અને ૧૨ દુકાનોમાંથી ૭૭ ફ્લેટ બુક કર્યા છે. સામાવાળા નં. ૧ બેંકે તે ૫૦ ફ્લેટ ધારકોની તરફેણમાં નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપ્યું છે કારણ કે તે ફ્લેટ ધારકોએ સામાવાળા નં. ૨ ના નામે બેંક દ્વારા ખોલવામાં આવેલા એસ્ક્રો (escrow) એકાઉન્ટમાં બેંક પાસે બિલ્ડરને ચૂકવવાપાત્ર ફ્લેટની કિંમતની રકમ જમા કરાવી છે. એવી દલીલ કરવામાં આવી છે કે આવા ફ્લેટ ધારકોની યાદી રિપ્લાયના એનેક્ષર–આર૩ ખાતે રજૂ કરવામાં આવી છે. જોકે, એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૨ એ તારીખ ૧૬/૦૮/૨૦૧૧ ના રોજ એક બાંયધરી (undertaking) આપી હતી જેના દ્વારા તેણે બાંયધરી આપી હતી કે તેઓ બાંધકામના ખર્ચ પેટે કરવામાં આવેલ ચુકવણી પર નિયમિતપણે વ્યાજ ચૂકવશે અને બેંકની પૂર્વ સંમતિ વિના મિલકતનું વેચાણ કરશે નહિ. તેથી એવી દલીલ કરવામાં આવી છે કે ટર્મ લોનની સમીક્ષા કરવામાં આવી હતી અને તારીખ ૨૭/૧૨/૨૦૧૨ ની સ્થિતિએ અંદાજિત બાકી રકમ રૂ. ૧૩.૩૭ કરોડ છે. ત્યારબાદ, સામાવાળા નં. ૧ બેંકે તારીખ ૧૩/૦૪/૨૦૧૪ ના રોજ દિવ્ય ભાસ્કર અખબારમાં એક જાહેર નોટિસ આપીને મોટા પાયે લોકોનું ધ્યાન દોર્યું હતું કે સામાવાળા નં. ૨ એટલે કે મેસર્સ શુકન ગોલ્ડ કોર્પોરેશનની માલિકીની ગોતા ગામની મિલકત અને તેના પરનું બાંધકામ

સામાવાળા નં. ૧–બેંક પાસે ગીરો મુકવામાં આવેલ છે. તેથી એવી દલીલ કરવામાં આવી છે કે સંબંધિત તમામ વ્યક્તિઓએ ખુલ્લી આંખે આવી મિલકતના સંબંધમાં આવા વ્યવહારમાં પ્રવેશ કરવો જોઈએ. એવી પણ દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૨ શુકન ગોલ્ડ કોર્પોરેશન લોનની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયું હોવાથી, તેમનું એકાઉન્ટ નોન પર્ફોર્મિંગ એસેટ (NPA) બની ગયું છે, અને તેથી, સરફેસી એક્ટ હેઠળ સામાવાળા નં. ૧ બેંક દ્વારા તારીખ ૧૨/૦૭/૨૦૧૪ ના રોજ દિવ્ય ભાસ્કરમાં ડિમાન્ડ નોટિસ આપવામાં આવી હતી. તેથી એવી દલીલ કરવામાં આવી છે કે બેંકે સરફેસી એક્ટની કલમ ૧૩(૪) હેઠળ વૈધાનિક સત્તાનો ઉપયોગ કર્યો છે અને અરજદારો જેવા લોકો માત્ર એટલા માટે કોઈ અધિકારનો દાવો કરી શકે નહિ કે તેઓ ફ્લેટ અથવા યુનિટ બુક કરીને સભ્યો બન્યા છે. લોનની ચુકવણી માટે વેલ્યુએશન કરવા મિલકતનો કબજો લેવા માટે ડિમાન્ડ નોટિસ પ્રકાશિત કરવામાં આવી છે. તેથી, એવી દલીલ કરવામાં આવી છે કે વર્તમાન સામાવાળાના કેસને નિષ્ફળ બનાવવાના ઈરાદાથી સામાવાળા નં. ૧ સાથે કરવામાં આવેલા તમામ વ્યવહારો અને સામાવાળા નં. ૧–બેંકના હિતને નુકસાન પહોંચાડવા માટે ઈરાદાપૂર્વક દાખલ કરવામાં આવેલી આવી અરજીને ધ્યાનમાં લેવી જોઈએ નહિ. એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૨ એ બેંકને ગેરમાર્ગે દોરી છે કારણ કે ભાગીદારો દ્વારા એવો ખુલાસો કરવામાં આવ્યો

હતો કે ૨૭૮ ફ્લેટમાંથી, તેઓને ૭૭ ફ્લેટ અને ૧૨ દુકાનો માટે બુકિંગ મળ્યું છે. સામાવાળા નં. ૨ પેઢીના ભાગીદારો દ્વારા એવી પણ બાંયધરી આપવામાં આવી હતી કે તેઓ સામાવાળા નં. ૧ બેંકની પૂર્વ પરવાનગી અને એનઓસી (NOC) મેળવ્યા વિના સંબંધિત ધારકોને ઉક્ત ફ્લેટ અને દુકાનોનો કબજો આપશે નહિ. જોકે, સામાવાળા નં. ૨ પેઢીએ વ્યવહારમાં પ્રવેશ કર્યો છે અને ફ્લેટ અને દુકાનો વેચી દીધી છે અને સામાવાળા નં. ૧ બેંકની પૂર્વ પરવાનગી મેળવ્યા વિના કબજો સોંપી દીધો છે. સામાવાળા નં. ૨ એ વચન મુજબ કામ કર્યું નથી અને બીજા એકાઉન્ટમાં જમા કરીને પૈસા લઈ લીધા છે જે તેના માટે નથી. તેથી, અરજદારો સાથે મિલીભગત કરીને સામાવાળા નં. ૨ એ સામાવાળા નં. ૧–બેંક સાથે છેતરપિંડી કરી છે અને જાહેર નાણાં સમાન નાણાં વસૂલવાના સામાવાળા નં. ૧ બેંકના અધિકારને પૂર્વગ્રહ પહોંચાડવાના આવા કોઈ પણ પ્રયાસને મંજૂરી આપવી જોઈએ નહિ. એવું જણાવવામાં આવ્યું છે કે સામાવાળા નં. ૨ એ બેંકના એસ્ક્રો એકાઉન્ટ મારફતે ભંડોળને વાળ્યા વિના, ફ્લેટ વેચી દીધા હતા અને સભ્યો પાસેથી મળેલી રકમ બેંકમાં જમા કરાવી ન હતી અને તેથી સામાવાળા નં. ૧ એ ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ (DRT), અમદાવાદ સમક્ષ અરજી દાખલ કરી છે કારણ કે રકમ એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરવામાં આવી નથી. ડીઆરટી સમક્ષ જરૂરી અરજી સાથે ઓરિજિનલ એપ્લિકેશન નં. ૨૪૯/૨૦૧૪

દાખલ કરવામાં આવી હતી. એવી પણ દલીલ કરવામાં આવી છે કે સંપૂર્ણ હકીકતો જાહેર કરવાની સામાવાળા નં. ૨ ની ફરજ છે. પરંતુ, સબ–રજિસ્ટ્રારને જ શ્રેષ્ઠ રીતે જ્ઞાત એવા કારણોસર, ગીરોની હકીકત પ્રતિબિંબિત થતી નથી, પરંતુ તેનો અર્થ એવો નથી કે સામાવાળા નં. ૧–બેંકનો અધિકાર નાબૂદ થઈ જશે. એવી દલીલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે એકવાર મિલકત ગીરો મુકવામાં આવે અને સબ–રજિસ્ટ્રાર પાસે ગીરોની નોંધણી થાય, ત્યારે એવિડન્સ એક્ટની જોગવાઈઓ અને દિલબૂ (શ્રીમતી) (મૃત્યુ પામેલ) કાનૂની વારસદારો મારફતે અને અન્ય વિરુદ્ધ ધનરાજી (શ્રીમતી) (મૃત્યુ પામેલ) અને અન્યના કેસમાં (૨૦૦૭) ૭ એસસીસી ૭૦૨ માં નોંધાયેલા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદા અનુસાર નોંધણીની તારીખ માની લેવાયેલ જાણકારીની (deemed knowledge) તારીખ બની જાય છે. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ કાયદાની જોગવાઈઓ અનુસાર નથી, અને તેથી, તે ચર્ચાસ્પદ મુદ્દો છે. એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૨ સંપૂર્ણપણે વાકેફ હોવા છતાં કે બંને ફાઇનલ પ્લોટ પર ૬૧૯૨ ચોરસ મીટરની સંપૂર્ણ જમીન સામાવાળા નં. ૧ પાસે ગીરો મુકવામાં આવી છે અને લોન મંજૂર કરવા માટેના નિયમો અને શરતો સ્વીકારી લીધી હોવા છતાં, અરજદારો સાથે હાથ મિલાવીને તેમની સાથે

મિલીભગત કરીને ફ્લેટ વેચી દીધા છે અને એસ્ક્રો એકાઉન્ટમાં મળેલો અવેજ જમા કર્યા વિના કબજો સોંપી દીધો છે. તેથી એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૧ બેંક પાસેથી એનઓસી મેળવ્યા સિવાય સામાવાળા નં. ૨ દ્વારા ફ્લેટ અથવા દુકાનોનો કોઈ કબજો આપી શકાય નહિ. એ વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે કે માત્ર ૫૦ ફ્લેટના સંબંધમાં એનઓસી મેળવવામાં આવી છે અને ત્યારબાદ સામાવાળા નં. ૨ એ બેંક સાથે છેતરપિંડી કરવાના ઈરાદાથી પ્રથા અપનાવી છે અને એસ્ક્રો એકાઉન્ટમાં રકમ જમા કર્યા વિના આવા ફ્લેટ માલિકોને કબજો સોંપી દીધો છે અને તેનાથી સામાવાળા નં. ૧ બેંકના અધિકારોને પૂર્વગ્રહ પહોંચાડ્યો છે અને તેથી સરફેસી એક્ટ હેઠળ નોટિસ જારી કરવામાં આવી છે. તેથી એવી દલીલ કરવામાં આવે છે કે અરજી ધ્યાનમાં લેવી જોઈએ નહિ. એવી પણ દલીલ કરવામાં આવી છે કે શુદ્ધ બુદ્ધિથી (bona fide) ખરીદનારનો બચાવ લાગુ પડશે નહિ.

૫. હર્ષદ ગોવર્ધન સોંદાગર વિરુદ્ધ ઈન્ટરનેશનલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ અને અન્યના કેસમાં (૨૦૧૪) ૬ એસસીસી ૧ માં નોંધાયેલા ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે અન્ય ચુકાદાનો સંદર્ભ આપ્યો છે અને એવી દલીલ કરવામાં આવી છે કે બેંકે સામાવાળા નં. ૨ સાથે કોઈ મિલીભગત કરી નથી, અને તેથી, ઉપરોક્ત ચુકાદામાં નામદાર

સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલું રક્ષણ શુદ્ધ બુદ્ધિથી ખરીદનારના આધારે અરજદારોના કેસમાં મદદરૂપ થશે નહિ. તેથી એવી દલીલ કરવામાં આવે છે કે બેંક સામે અરજદારો દ્વારા કરવામાં આવેલ આક્ષેપ સાચા નથી અને તેનાથી વિપરીત અરજદારો બેંકની તરફેણમાં બનાવવામાં આવેલા ગીરોની હકીકત સહિત કોર્ટનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એવી દલીલ કરવામાં આવી છે કે સામાવાળા નં. ૨ દ્વારા લોન મંજૂર થયા પછી અને ગીરો ઊભો કર્યા પછી કબજો આપવામાં આવ્યો છે. તેથી, બેંકના એનઓસી વિના, સામાવાળા નં. ૨ ફ્લેટ અથવા યુનિટ્સ ટ્રાન્સફર કરી શકે નહિ અને બેંકના ભંડોળ સાથે છેતરપિંડી કરવાના ઈરાદાથી કરવામાં આવતો આવો પ્રયાસ ફગાવી દેવાને પાત્ર છે અને શુદ્ધ બુદ્ધિથી ખરીદનાર વિશેની દલીલ માન્ય રહી શકે નહિ.

૬. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૧૯૪૪/૨૦૧૪ અને સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૭૪૦/૨૦૧૭ ના અરજદારો માટે વિદ્વાન એડવોકેટ શ્રી તત્વમ પટેલ સાથે હાજર રહેલા વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતા, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૭૮૦૭, ૧૮૮૨૫, ૧૯૪૪૩, ૧૯૪૮૧, ૨૦૬૩૦ અને ૨૦૬૩૧ થી ૨૦૬૭૨/૨૦૧૫ ના અરજદારો માટે વિદ્વાન એડવોકેટ શ્રીમતી વી.ડી. નાણાવટી સાથે હાજર રહેલા વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી એસ.આઇ.

નાણાવટી, સામાવાળા–બેંક માટે વિદ્વાન એડવોકેટ શ્રી બી.ટી. રાવ અને સામાવાળા–રાજ્ય માટે વિદ્વાન એજીપી શ્રી ભાર્ગવ પંડ્યાને સાંભળવામાં આવ્યા.

૭. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૧૯૪૪/૨૦૧૪ અને સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૭૪૦/૨૦૧૭ ના અરજદારો માટે વિદ્વાન એડવોકેટ શ્રી તત્વમ પટેલ સાથે હાજર રહેલા વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ કાગળોનો વિગતવાર સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે અરજદારો હાઉસિંગ સોસાયટીના સભ્યો છે જેમને વેચાણ સમજૂતી અથવા વેચાણ દસ્તાવેજ સાથે ફ્લેટના યુનિટ્સ ફાળવવામાં આવ્યા છે. તેમણે દલીલ કરી હતી કે શુકન કોઓપરેટિવ સોસાયટી બનાવવામાં આવી છે અને સામાવાળા નં. ૨ દ્વારા રજિસ્ટર્ડ વેચાણ સમજૂતી કરવામાં આવી છે અને કેટલાક કિસ્સાઓમાં સામાવાળા નં. ૨ દ્વારા વેચાણ દસ્તાવેજ પણ કરવામાં આવ્યો છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે અરજદારો મૂલ્ય અથવા અવેજ માટે શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા છે અને રેકોર્ડ પરથી જોઈ શકાય છે કે, સામાવાળા નં. ૧ ની તરફેણમાં કહેવાતું ગીરો ૨૦૧૪ સુધી નોંધવામાં આવ્યું નથી, જોકે તે ૨૦૧૧ માં કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે. તેથી વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે

સામાવાળા નં. ૨ અને સામાવાળા નં. ૧ ના વર્તનને ધ્યાનમાં લેવું જરૂરી છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે જે બેંકે લોન આપી હોવાનું કહેવાય છે તેણે માત્ર સામાવાળા નં. ૨ ની તરફેણ કરવાના હેતુથી જ એવી કોઈ કાળજી લીધી નથી અથવા કાળજીનો ઉપયોગ કર્યો નથી જે સામાન્ય રીતે એક સમજદાર માણસ કરે છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે કરવામાં આવેલ જમીનનું ગીરો નોંધવામાં આવ્યું નથી અને ત્યારબાદ ૨૦૧૨ માં શુકન કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી બનાવવામાં આવી છે. તેમણે દલીલ કરી હતી કે અરજદારો કે જેઓ આવી હાઉસિંગ સોસાયટીના સભ્યો છે તેઓને કોઈપણ ગીરો વિશે જાણ ન હોત અને કારણ કે તે ૨૦૧૪ સુધી નોંધવામાં આવ્યું નથી, તેથી નોંધણીની તારીખ પાછલા વર્ષો સાથે સંબંધિત હોઈ શકે નહિ. તેમણે મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે જો આવા અર્થઘટનનો સ્વીકાર કરવામાં આવે તો તે નિષ્પક્ષતા અને સમાનતાના સિદ્ધાંતની વિરુદ્ધ હશે. તેમણે પેપર્સનો ખાસ સંદર્ભ આપ્યો હતો. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ તેથી દલીલ કરી હતી કે જો વૈકલ્પિક ઉપાય હોય તો પણ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ અરજી ચલાવવાપાત્ર હોવા અંગેની દલીલ ગેરસમજભરી છે. (૧૯૯૮) ૮ એસસીસી ૧ માં નોંધાયેલ વ્હર્લપૂલ કોર્પોરેશન વિરુદ્ધ રજિસ્ટ્રાર ઓફ ટ્રેડમાર્ક્સ, મુંબઈ અને અન્યના કેસમાં ચુકાદો નક્કી કરતી

વખતે આ સ્પષ્ટપણે અવલોકન કરવામાં આવ્યું છે. વિદ્ધાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે હકીકતોના કોઈ વિવાદિત પ્રશ્નો નથી કારણ કે હકીકતો રેકોર્ડ પર ખૂબ જ સ્પષ્ટ છે જે મૂળભૂત અધિકારો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘનને સ્થાપિત કરશે. તેથી, તેમણે દલીલ કરી હતી કે અસરગ્રસ્ત અરજદારો જેવા કબજેદારોને કોઈ નોટિસ આપવામાં આવી ન હોવાથી, આવી નોટિસનો અમલ કરી શકાય નહિ. વિદ્ધાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ મિલકતના હિતનો સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે ભારતના બંધારણનો અનુચ્છેદ ૩૦૦ કદાચ મૂળભૂત અધિકાર ન હોય પરંતુ તે મિલકતનો અધિકાર પ્રદાન કરે છે અને અરજદારો જેવા લોકોને તેમની મિલકતનું રક્ષણ કરવાનો અધિકાર છે જે પ્રક્રિયા અથવા કુદરતી ન્યાયના નિયમોનું પાલન કર્યા વિના છીનવી શકાય નહિ.

૮. વિદ્ધાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે અરજદારો જેવા કબજેદારોને કોઈ નોટિસ આપવામાં આવી નથી અને બેંકે મુખ્ય ઋણ લેનાર, જામીનદારોને નોટિસ આપવાની કાળજી લીધી નથી અને આવી નોટિસ આપીને કબજેદારો સામે વસૂલાત માટે આગળ વધવાનો પ્રયાસ કર્યો છે. તેમણે દલીલ કરી હતી કે તેથી, તે કુદરતી ન્યાય અને નિષ્પક્ષતાના નિયમોનું ઉલ્લંઘન છે.

૯. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે અરજદારો જાણકારી વિના મૂલ્ય માટે શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા છે. તેમણે દલીલ કરી હતી કે મિલકતનું ગીરો નોંધવામાં આવ્યું નથી અને તેથી અરજદારોને કોઈ જાણકારી હોવાનું માની શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે ગીરો અંગેની નોટિસ ૧૩/૦૪/૨૦૧૪ ના રોજ પ્રકાશિત કરવામાં આવી છે જોકે ગીરો વર્ષ ૨૦૧૧ માં ઊભું કરવામાં આવ્યું છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ તેથી દલીલ કરી હતી કે જાણકારીના હેતુ માટે પણ એન્ટ્રીની તારીખ પ્રસ્તુત ગણાશે અને આ કેસની હકીકતોમાં, તે ૨૦૧૪ અને તે પહેલાંની છે અને, તેથી, અરજદારોને જાણકારી હોઈ શકે નહિ. તેમણે દલીલ કરી હતી કે દિલબૂ (શ્રીમતી) (મૃત્યુ પામેલ) કાનૂની વારસદારો મારફતે અને અન્ય વિરુદ્ધ ધનરાજી (શ્રીમતી) (મૃત્યુ પામેલ) અને અન્ય (ઉપર મુજબ) ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર મૂકવામાં આવેલ આધાર, જ્યાં નોંધણીની તારીખને જાણકારીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવે છે તે ગેરસમજભર્યો છે કારણ કે પાછળથી થયેલી આવી નોંધણીને પાછલી તારીખ સાથે જોડી શકાય નહિ.

૧૦. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે બેંકને એ હકીકતની જાણ છે કે અરજદારો કબજેદાર છે અને તે બેંક દ્વારા

સ્વીકારવામાં આવ્યું છે. તેમણે કાગળો અને ખાસ કરીને પૃષ્ઠ ૨૨૩ નો ખાસ સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે તે અરજદારોના એ કહેવાને સમર્થન આપે છે કે બેંક વાકેફ છે અને સામાવાળા નં. ૨ ને વ્યવહારમાં પ્રવેશવાની મંજૂરી આપી શકી ન હોત કારણ કે ખરીદનાર દ્વારા ચૂકવવામાં આવેલી રકમ એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરવાની હતી. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે જો બેંકે પ્રક્રિયાને અનુસરી હોત અને સતર્ક રહી હોત, તો રકમ અન્ય ખાતામાં સગેવગે કરી શકાઈ ન હોત જે હવે સામાવાળા નં. ૧ બેંક દ્વારા સોગંદનામામાં જણાવવામાં આવ્યું છે. તેમણે દલીલ કરી હતી કે સામાવાળા નં. ૨ બિલ્ડર સાથેની બેદરકારી અથવા મિલીભગતની કિંમત અરજદારોને ચૂકવવી પડે નહિ જેઓ શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા છે. તેમણે આરબીઆઈ ના પરિપત્રનો સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે સામાવાળા નં. ૧ બેંકે તેનું ચુસ્તપણે પાલન કરવાનું હતું.

૧૧. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૭૮૦૭, ૧૮૮૨૫, ૧૯૪૪૩, ૧૯૪૮૧, ૨૦૬૩૦ અને ૨૦૬૩૧ થી ૨૦૬૭૨/૨૦૧૫ ના અરજદારો માટે વિદ્વાન એડવોકેટ શ્રીમતી વી.ડી. નાણાવટી સાથે હાજર રહેલા વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી એસ.આઇ. નાણાવટીએ દલીલ કરી હતી કે જ્યારે સામાવાળા નં. ૧ એ સામાવાળા નં. ૨ સાથે મિલીભગત કરીને

બેંકના હિતનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહ્યા હોય અને હવે અરજદારો જેવા વ્યક્તિઓ, જેઓ જાણકારી વિના મૂલ્ય માટે શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા છે, તેમને હેરાન કરવામાં આવે છે ત્યારે આ વૈધાનિક સત્તાઓના દુરુપયોગનો કેસ છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ ઘણી વિગતો સાથે હકીકતોની પૃષ્ઠભૂમિનો સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી મહેતા દ્વારા જણાવ્યા મુજબ, ગીરો દસ્તાવેજ શરૂઆતમાં નોંધવામાં આવ્યો ન હતો અને મહેસૂલી સત્તાધિકારી પાસે ચકાસણી અથવા તપાસ કર્યા પછી પણ, તે મળી શક્યો ન હતો અને, તેથી, જ્યારે અરજદારો જેવા વ્યક્તિઓ દ્વારા ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું ત્યારે આવી કોઈ જવાબદારી જાહેર કરવામાં આવી ન હોવાથી, તેઓએ વ્યવહાર કર્યો છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ દલીલ કરી હતી કે અન્ય કોઈ પણ સમજદાર વ્યક્તિની જેમ, પ્રક્રિયાને અનુસરવામાં આવી છે, ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું છે, ચકાસણી કરવામાં આવી છે અને, ત્યારબાદ, તેઓએ ફ્લેટ અથવા યુનિટની ખરીદી માટે વ્યવહાર કર્યો છે, જેની હવે પૂછપરછ કરી શકાય નહિ. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ દલીલ કરી હતી કે બેંકના વિદ્વાન એડવોકેટ દ્વારા કરવામાં આવેલી રજૂઆત કે સામાવાળા નં. ૧–બેંકની તરફેણમાં ગીરો ઊભું કરવામાં આવ્યું છે અને, તેથી, જે પણ વ્યવહારો થયા છે, તે આવા

ગીરોને આધીન છે, તેની તપાસ હકીકતોની પૃષ્ઠભૂમિમાં કરવી જરૂરી છે, જે સામાવાળા નં. ૨ અને સામાવાળા નં. ૧–બેંકના અધિકારીઓની મિલીભગતથી સ્પષ્ટ નુકસાન સૂચવે છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ દલીલ કરી હતી કે રેકોર્ડ પરથી બહાર આવે છે તેમ, આ અરજીમાં અરજદારોએ એ જ બેંકમાંથી લોન લીધી છે અથવા અન્ય બેંક અથવા એલઆઈસી જેવી સંસ્થા પાસેથી એડવાન્સ મેળવવાના હેતુ માટે સામાવાળા નં. ૧–બેંક પાસેથી એનઓસી લીધું છે. તેમણે, તેથી, દલીલ કરી હતી કે સામાવાળા નં. ૧–બેંકે પોતે જ એનઓસી આપ્યું છે તેથી હવે અરજદારો જાણકારી વિના મૂલ્ય માટે શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા નથી તેવો કોઈ પણ વિવાદ ઊભો કરવાથી બાધિત (estopped) છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ દલીલ કરી હતી કે નોંધવા લાયક સંબંધિત પાસાઓ એ છે કે કેટલાક અરજદારોએ એ જ સામાવાળા નં. ૧–બેંક અથવા અન્ય નાણાકીય સંસ્થા અથવા બેંકો પાસેથી લોન લીધી છે અને તેઓએ ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ અને સર્ચ દ્વારા પણ બાબતોની ચકાસણી કરી છે. તેમણે દલીલ કરી હતી કે ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ પર શંકા કરી શકાય નહિ જ્યારે સામાવાળા નં. ૧–બેંકે પોતે જ ગીરો નોંધાવ્યું નથી, જે અગાઉ વર્ષ ૨૦૧૧ માં કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે. તેમણે મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે નોંધણી કેમ કરવામાં આવી ન હતી તેનો કોઈ ખુલાસો નથી અને જો

સામાવાળા નં. ૧–બેંક જેવી જાહેર સંસ્થા પાસે તેમની તરફેણમાં ગીરો મુકવામાં આવ્યું હોય, તો નોંધણી સહિતની જરૂરી એન્ટ્રી કરવી જરૂરી છે અને તેઓ એવું બહાનું કાઢી શકે નહિ કે જ્યારે બેંકો પાસે વકીલોની પેનલ તેમજ કાનૂની સલાહકારો અને કાનૂની વિભાગ હોય ત્યારે તે રહી ગયું હોઈ શકે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ તેથી દલીલ કરી હતી કે આવા બહાનાઓ સામાવાળા નં. ૧–બેંક અને તેના અધિકારીઓના ગેરકૃત્યોને છુપાવવા માટે માત્ર વધુ પડતું સરળીકરણ છે.

૧૨. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ દલીલ કરી હતી કે આ પૃષ્ઠભૂમિમાં જ, વૈકલ્પિક ઉપાય અને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ વિવેકાધીન હકૂમતના ઉપયોગ પર ઘણો ભાર મૂકીને કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લેવી જરૂરી છે. તેમણે દલીલ કરી હતી કે ગીરો ઊભું કરવામાં આવ્યું ન હતું અથવા ધ્યાન પર લાવવામાં આવ્યું ન હતું અને, તેથી, વ્યવહાર થયો છે, અરજદારો જેવા વ્યક્તિઓ પર જવાબદારી લાદી શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે જો તેમને ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ સમક્ષ મોકલી દેવામાં આવે, તો અરજદારો જેવા વ્યક્તિઓ કે જેમણે કોઈપણ નોટિસ અથવા ગીરો વિના યોગ્ય પ્રક્રિયા પછી ખરીદી કરી હોય અથવા ઘણા કિસ્સાઓમાં, સામાવાળા નં. ૧–બેંક પાસેથી નો ઓબ્જેક્શન મેળવ્યા પછી પણ ખરીદી કરી હોય, તેમને હવે

ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલના મુકદ્દમામાં ઢસડી શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે જો સામાવાળા નં. ૧–બેંક દ્વારા નાણાં વસૂલવા હોય, તો તે ગીરો મૂકનાર પાસેથી હોવા જોઈએ અને તેની પાસે યોગ્ય ઉપાય હોઈ શકે છે અને અરજદારો પર જવાબદારી લાદી શકાય નહિ, જેમણે લોન લીધી છે અને તેમને ફરીથી જાહેર નાણાંના નામે સામાવાળા નં. ૨ ની જવાબદારી પૂરી કરવા મજબૂર કરી શકાય નહિ. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ હર્ષદ ગોવર્ધન સોંદાગર (ઉપર મુજબ) ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો અને આધાર રાખ્યો હતો. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ (૨૦૧૬) ૩ એસસીસી ૭૬૨ માં નોંધાયેલ વિશાલ એન. કલસરિયા વિરુદ્ધ બેંક ઓફ ઈન્ડિયા અને અન્યના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે ઉક્ત ચુકાદામાં, ભાડુઆત અથવા લીઝી અથવા કબજામાં રહેલા ઋણ લેનારના અધિકાર સંબંધિત મુદ્દા પર સરફેસી એક્ટની જોગવાઈના સંદર્ભમાં વિચારણા કરવામાં આવી છે. એવું અવલોકન કરવામાં આવ્યું છે કે ભાડુઆત અથવા લીઝી દ્વારા સુરક્ષિત અસ્કયામતોનો કબજો ફરીથી મેળવવાના આવા કોઈપણ અધિકારનું રક્ષણ કરી શકાય છે, જેની સામગ્રી અને પુરાવા અને હકીકતના પાસાઓ અને સરફેસી એક્ટ અને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની જોગવાઈના સંદર્ભમાં ફરીથી વિચારણા કરવી જરૂરી

છે.

૧૩. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ તારીખ ૦૧/૦૯/૨૦૧૬ ના સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૭૯૦૧/૨૦૧૫ (૨૦૧૬ (૦) એઆઈજેઈએલ–એચસી ૨૩૬૯૨૦) માં આપવામાં આવેલ ઓથોરાઈઝ્ડ ઓફિસર વિરુદ્ધ દિલીપભાઈ જયંતિલાલ સંઘવીના કેસમાં હાઈકોર્ટના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો હતો. તેમણે એવી રજૂઆત કરીને ચુકાદાને અલગ પાડવાનો પ્રયાસ કર્યો કે હકીકતો તદ્દન અલગ છે અને તે કેસની જેમ મૂળ ઋણ લેનાર (બિલ્ડર) સાથે અરજદારોની મિલીભગત નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેસની હકીકતોમાં, તે બીજી રીતે છે અને ઉપર જણાવ્યા મુજબ, જ્યારે એવી રજૂઆત કરવામાં આવે છે કે સંમતિ વિના ગીરો ઊભું થયા પછી, સામાવાળા નં. ૨ વ્યવહારમાં પ્રવેશી શક્યા ન હોત, તે પણ વધારે ઉપલબ્ધ નહિ હોય જ્યારે ઘણા કિસ્સાઓમાં, સામાવાળા નં. ૧–બેંક દ્વારા એનઓસી આપવામાં આવ્યું છે. તેમણે દલીલ કરી હતી કે એમ માની લઈએ કે ઘણા કિસ્સાઓમાં, આવી રજૂઆત કરવામાં આવે તો પણ, વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી મહેતાએ ઘણી વિગતો સાથે જણાવ્યા મુજબ જમા કરાયેલી રકમ સગેવગે કરવામાં આવી છે, જે સામાવાળા નં. ૧–બેંકની બેદરકારી અથવા મિલીભગત વિના હોઈ શકે નહિ અને, તેથી, અરજદારોના વ્યવહાર શુદ્ધ બુદ્ધિથી હોવા

અંગે વિવાદ કરતી કોઈપણ આવી રજૂઆત ગેરસમજભરી છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી નાણાવટીએ ૨૦૧૧ (૩) જીએલએચ ૬૩૨ માં નોંધાયેલ પ્રાણજીવન પુરુષોત્તમ ઝવેરી અને અન્ય વિરુદ્ધ દેના બેંક અધિકૃત અધિકારી મારફતે અને અન્યના કેસમાં ગુજરાત હાઈકોર્ટના નામદાર ડિવિઝન બેંચના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે તેનાથી વિપરીત, ફકરા નં. ૧૭ માં અવલોકન કર્યા મુજબ, તે સ્પષ્ટપણે અવલોકન કરવામાં આવ્યું છે કે આપેલા પુરાવાના સમૂહમાં રક્ષણ પૂરું પાડવાથી સરફેસી એક્ટનો હેતુ નિષ્ફળ જાય છે તેવું કહી શકાય નહિ. તેમણે અવલોકન પર ભાર મૂક્યો, "કોઈની સાથે અન્યાય કરીને ન્યાય કરી શકાય નહિ."

૧૪. સામાવાળા નં. ૧–બેંક માટે વિદ્વાન એડવોકેટ શ્રી રાવે કાગળો અને સરફેસી એક્ટની જોગવાઈઓનો પણ સંદર્ભ આપ્યો છે. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે દલીલ કરી હતી કે તારીખ ૧૬/૦૮/૨૦૧૧ નું રજિસ્ટર્ડ ગીરો છે અને, તેથી, જે પણ વ્યવહાર થયો છે, તે આ ગીરોને આધીન રહેશે. તેમણે દિલબૂ (શ્રીમતી) (મૃત્યુ પામેલ) કાનૂની વારસદારો મારફતે (ઉપર મુજબ) ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા અને તેમાં કરવામાં આવેલા અવલોકનોનો પણ સંદર્ભ આપ્યો હતો. તેમણે રેકોર્ડ પર રજૂ કરાયેલા દસ્તાવેજોનો સંદર્ભ આપ્યો હતો અને ટાઇટલ ડીડ જમા

કરાવવા સાથેના ગીરો અંગે એનેક્ષર–સી પર રજૂ કરાયેલ દસ્તાવેજનો પણ સંદર્ભ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે એકવાર આ ગીરો દસ્તાવેજ થઈ જાય, તે વ્યવહારની તારીખથી સંબંધિત હશે અને અરજદારોની તરફેણમાં કોઈ અધિકાર, ટાઇટલ, હિત ઊભું થયું હોવાનું કહી શકાય નહિ, જેઓ શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા હોવાનો દાવો કરે છે. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે (૨૦૧૬) ૧૨ એસસીસી ૨૮૮ માં નોંધાયેલ મુદ્દાસાની વેંકટ નરસૈયા (મૃત્યુ પામેલ) કાનૂની પ્રતિનિધિઓ મારફતે વિરુદ્ધ મુદ્દાસાની સરોજનાના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો અને ૨૦૦૨ (૨) જીએલએચ ૩૨૨ માં નોંધાયેલ રાકેશ શિવભગવાન અગ્રવાલ વિરુદ્ધ તલાટી–કમ–મંત્રીના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો હતો. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે (૨૦૧૬) ૧૪ એસસીસી ૩૮૮ માં નોંધાયેલ નારાયણ લક્ષ્મણ પાટીલ વિરુદ્ધ ગાલા કન્સ્ટ્રક્શન કંપની પ્રાઈવેટ લિમિટેડ અને અન્યના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો અને તારીખ ૦૧/૦૯/૨૦૧૬ ના સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૭૯૦૧/૨૦૧૫ (૨૦૧૬ (૦) એઆઈજેઈએલ–એચસી ૨૩૬૯૨૦) માં આપવામાં આવેલ ઓથોરાઈઝ્ડ ઓફિસર વિરુદ્ધ દિલીપભાઈ જયંતિલાલ સંઘવીના કેસમાં આ હાઈકોર્ટની નામદાર ડિવિઝન બેંચના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો હતો, જે ઉક્ત જોગવાઈના સંદર્ભમાં શુકન

પેલેસ, ઘાટલોડિયા ખાતેના બંગલા અંગે પણ છે. તેમણે સરફેસી એક્ટની જોગવાઈઓના સંબંધમાં કરવામાં આવેલા અવલોકનોનો ખાસ સંદર્ભ આપ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે બેંકે કબજો લઈ લીધો હોય, ત્યારે ત્યારબાદના દસ્તાવેજોની કોઈ પ્રસ્તુતતા ન પણ હોઈ શકે. તેમણે દલીલ કરી હતી કે જો ગીરો મૂકનાર અરજદારો જેવા સમાન વ્યક્તિઓ સાથે મિલીભગત કરીને બદઈરાદાથી અથવા અન્યથા, બેંકના કાયદેસર લેણાં અને/અથવા રકમની વસૂલાતને ડુબાડવાના હેતુથી ગીરો મૂકેલી મિલકતને ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરે છે, તો વિવેકાધીન હકૂમતનો ઉપયોગ કરી શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે કોઈપણ સંજોગોમાં, અરજદારોને ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ, અમદાવાદ સમક્ષ મોકલી શકાય અને બેંકને આગળ વધવાની મંજૂરી આપી શકાય. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે દલીલ કરી હતી કે અવલોકન કર્યા મુજબ, વર્તમાન કેસમાં બેંક જેવા સિક્યોર્ડ ક્રેડિટરની લેખિત સંમતિ વિના, સરફેસી એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નોટિસ પછી અરજદારો જેવા વ્યક્તિઓની તરફેણમાં કરવામાં આવેલ કોઈપણ ટ્રાન્સફર અથવા વ્યવહાર રદબાતલ ગણાશે અને, તેથી, અરજદારો કોઈ ફરિયાદ કરી શકે નહિ.

૧૫. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે, તેથી, સરફેસી એક્ટની જોગવાઈઓ અને "સિક્યોરિટી ઈન્ટરેસ્ટ" ને વ્યાખ્યાયિત કરતી કલમ ૨(ઝેડએફ) ની

વ્યાખ્યાનો ખાસ સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ને સરફેસી એક્ટની કલમ ૧૩(૨) સાથે વાંચવા જોઈએ. તેમણે દલીલ કરી હતી કે નિયમ ૪ વિગતવાર પ્રક્રિયા માટે જોગવાઈ કરે છે અને નિયમ ૮ સ્થાવર મિલકતનો સંદર્ભ આપે છે, જે બેંક દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેમણે દલીલ કરી હતી કે સરફેસી એક્ટની કલમ ૧૩(૨) સાથે વંચાણમાં લેતાં નિયમમાં જોગવાઈ કર્યા મુજબ, નોટિસ આપવામાં આવી છે અને, તેથી, અરજદારો જેવા વ્યક્તિઓને શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા કહી શકાય નહિ. તેમણે ફરીથી ભારપૂર્વક જણાવ્યું હતું કે ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ યોગ્ય નથી કારણ કે જો યોગ્ય ચકાસણી સાથે ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું હોત, તો તેમાં બેંક સાથેના ગીરો વિશે જાણ થઈ હોત. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની જોગવાઈનો પણ સંદર્ભ આપ્યો હતો. તેમણે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૩૭ તેમજ કલમ ૫૫ નો સંદર્ભ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૫૫ માં ખરીદનાર અને વેચનારના અધિકારો અને જવાબદારી આપવામાં આવી છે અને જો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની જરૂરિયાતો પૂરી ન થાય, તો વેચાણ ગીરોને આધીન રહેશે અને/અથવા આવું વેચાણ અધિકારને અસર કરશે નહિ. તેમણે એમ પણ દલીલ કરી હતી કે જો ખરીદનાર અથવા વેચનારે

અરજદારો જેવા ખરીદનારને જાહેર ન કરીને કોઈ અનિયમિતતા કરી હોય, તો તે બેંકને બાંધી શકે નહિ કારણ કે તે બે વ્યક્તિઓ વચ્ચેની બાબત છે અને ગીરો રાખનાર તરીકે બેંકના અધિકારોને પૂર્વગ્રહ પહોંચાડી શકે નહિ. તેમણે દલીલ કરી હતી કે જો બિલ્ડર જેવા વેચનારે અન્ય પક્ષકારને એ જાહેર ન કર્યું હોય કે બેંક પાસે ગીરો છે, તો તે બેંકના અધિકારને બદલી કે અસર કરી શકે નહિ. તેમણે દલીલ કરી હતી કે ખરીદનાર વેચનાર સામે અને/અથવા રમાયેલી કોઈપણ પ્રકારની છેતરપિંડી માટે કાર્યવાહી કરી શકે છે. તેમણે દલીલ કરી હતી કે વર્તમાન કેસમાં ફોજદારી કેસ પણ પડતર છે. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે દલીલ કરી હતી કે કેસ પડતર હોવાથી, તેઓ પોતાને માત્ર સરફેસી એક્ટની જોગવાઈ અને વર્તમાન કાર્યવાહી પૂરતા સીમિત રાખી શકે છે અને, તેથી, મૂલ્ય માટે શુદ્ધ બુદ્ધિથી ખરીદનારાઓ વિશેની રજૂઆતો સ્વીકારી શકાય નહિ. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે દલીલ કરી હતી કે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૬૫(એ) લાગુ પડતી નથી કારણ કે તે લીઝ નથી અને તે માત્ર લીઝના વ્યવહારને જ લાગુ પડે છે અને વેચાણના વ્યવહારને લાગુ પડતી નથી. તેમણે ફરીથી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ ૫૫ નો સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે તેથી આવી કોઈપણ ચૂકનું કોઈ મહત્વ નથી.

૧૬. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે ફરીથી સરફેસી એક્ટની કલમ ૧૭ નો સંદર્ભ

આપ્યો હતો અને દલીલ કરી હતી કે સુધારા પછી, વ્યાપ વિસ્તૃત કરવામાં આવ્યો છે અને તેમાં જોગવાઈ કરવામાં આવી છે કે "કોઈપણ અસરગ્રસ્ત વ્યક્તિ", જેનો અર્થ એ થાય કે, હવે અરજદારો જેવા ત્રીજા પક્ષકાર માટે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ સમક્ષ યોગ્ય અરજી દાખલ કરવાનો વિકલ્પ ખુલ્લો છે. તેમણે સરફેસી એક્ટની કલમ ૧૭(૪) નો પણ સંદર્ભ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે સરફેસી એક્ટની કલમ ૧૭(૪) સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે સિક્યોર્ડ ક્રેડિટર દેવાની વસૂલાત માટે સરફેસી એક્ટની કલમ ૧૩ હેઠળ નિર્દિષ્ટ કર્યા મુજબ આશરો લેવા હકદાર રહેશે. તેમણે સરફેસી એક્ટની કલમ ૧૩ નો પણ સંદર્ભ આપ્યો હતો જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટના અમલીકરણનો સંદર્ભ આપે છે. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે સરફેસી એક્ટની કલમ ૩૫ નો સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે તેમાં જોગવાઈ કર્યા મુજબ, આ કાયદાની જોગવાઈ ઓવરરાઈડિંગ અસર ધરાવશે અને તે અન્ય કાયદાઓને ઓવરરાઇડ કરશે. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે તેથી મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે જ્યારે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ સાથે વંચાણમાં લેતા સરફેસી એક્ટની જોગવાઈ ઓવરરાઈડિંગ અસર ધરાવે છે, ત્યારે બેંક રકમની વસૂલાત માટે આગળ વધવા હકદાર છે, જે જાહેર નાણાં છે. તેમણે દલીલ કરી હતી કે તેથી બેંક દ્વારા આપવામાં આવેલી રકમ જાહેર નાણાં હોવાથી, ઉપર જણાવ્યા મુજબ, અરજદારો જેવા વ્યક્તિઓ પાસે ડેબ્ટ રિકવરી

ટ્રિબ્યુનલ સમક્ષ આશરો હોવાથી કોર્ટની વિવેકાધીન હકૂમતનો ઉપયોગ ન કરી શકાય. તેમણે દલીલ કરી હતી કે જો લીઝ અથવા વ્યવહાર કરવામાં આવ્યો હોય અને વ્યક્તિને અગાઉ કબજો સોંપવામાં આવ્યો હોય તો, તેણે કબજો દર્શાવવો પડશે કે તેને ગીરો ઊભું થતા પહેલા લાવવામાં આવ્યો હતો. તેથી, વિદ્ધાન એડવોકેટ શ્રી રાવે દલીલ કરી હતી કે ફરીથી તેના માટે દરેક વ્યવહાર સંબંધિત વિગતોના આધારે સામગ્રી અને પુરાવાઓની તપાસ અને ચકાસણીની જરૂર પડશે અને, તેથી, વર્તમાન અરજી ધ્યાનમાં લેવી જોઈએ નહિ અને યોગ્ય નિર્દેશ સાથે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ સમક્ષ જરૂરી અરજી કરવાની મંજૂરી આપવી જોઈએ.

૧૭. વિદ્ધાન એડવોકેટ શ્રી રાવે એમ પણ દલીલ કરી હતી કે હર્ષદ ગોવર્ધન સોંદાગર (ઉપર મુજબ) ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કેસની હકીકતોમાં લાગુ પાડી શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે સરફેસી એક્ટની કલમ ૧૭ ની જોગવાઈમાં ૦૧/૦૯/૨૦૧૬ ના રોજ સુધારો કરવામાં આવ્યો છે અને ઉપરોક્ત અવલોકનો સાથેનો નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ૦૩/૦૪/૨૦૧૪ નો છે. તેમણે, તેથી, દલીલ કરી હતી કે ધારાસભાએ તેથી યોગ્ય સુધારા દ્ધારા આવા ત્રીજા પક્ષકારને અધિકાર આપ્યો છે અને, તેથી, કાયદામાં સુધારાને ધ્યાનમાં રાખીને આ ચુકાદો લાગુ પડશે નહિ.

૧૮. વિદ્વાન એડવોકેટ શ્રી રાવે (૨૦૦૯) ૧૫ એસસીસી ૪૨૯ માં નોંધાયેલ રમેશ દત્ત અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ અને અન્યના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો છે.

૧૯. પ્રત્યુત્તરમાં, વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ સરફેસી એક્ટની જોગવાઈઓ, વધુ ખાસ કરીને, સરફેસી એક્ટની કલમ ૧૭ નો સંદર્ભ આપ્યો છે અને દલીલ કરી છે કે કલમ ૧૭ જોગવાઈ કરે છે કે સરફેસી એક્ટની કલમ ૧૩(૪) માં સંદર્ભિત પગલાંથી અસરગ્રસ્ત કોઈપણ વ્યક્તિ પાસે ઉપાય હોઈ શકે છે. તેમણે દલીલ કરી હતી કે આ સૂચિત કરશે કે આવી નોટિસ અથવા પગલાં તો જ માન્ય ગણાશે જો તે સરફેસી એક્ટની કલમ ૧૩(૪) ના પાલનમાં હોય. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે હકીકતમાં, તે તબક્કો આવ્યો નથી અને તેમણે ફરીથી મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે વર્તમાન કેસમાં, સંબંધિત અરજદારોની તરફેણમાં વેચાણ દસ્તાવેજો છે, જે ગીરોની તારીખ પહેલાંના છે. તેમણે દલીલ કરી હતી કે ગીરોની તારીખ નોંધણીની તારીખ એટલે કે ૧૬/૦૮/૨૦૧૪ થી લેવી જોઈએ. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે ૨૦૧૪ સુધી ગીરો શા માટે નોંધવામાં આવ્યું ન હતું તે અંગે કોઈ સમજૂતી આગળ આવી રહી નથી. તેમણે દલીલ કરી હતી કે નોંધણી

પહેલા વ્યવહારો થઈ ગયા છે, જે ખરીદદારોને જાણ કરત. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે ભલે સર્ચ લેવામાં આવી હતી અને ટાઇટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું હતું, પક્ષકારોએ ફ્લેટ્સ/યુનિટની ખરીદીનો વ્યવહાર કર્યો છે અને, તેથી, તેઓ મૂલ્ય માટે શુદ્ધ બુદ્ધિથી ખરીદનારા છે. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ એમ પણ દલીલ કરી હતી કે જ્યારે જાહેર નાણાં અથવા ઋણ લેનારના નાણાં ડુબાડવાના નામે રજૂઆતો કરવામાં આવે છે, ત્યારે તે બેંક સહિત પક્ષકારોના વર્તન વિશે પણ પ્રતિબિંબિત થવું જરૂરી છે. તેથી, વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ ફરીથી સરફેસી એક્ટની જોગવાઈ અને સરફેસી એક્ટની કલમ ૧૭(૪)(એ) નો સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે પ્રક્રિયા નિર્ધારિત કરવામાં આવી છે અને કલમ ૧૭(૪એ)(આઇ) ના ખંડ (બી) નો ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ સાથે સંદર્ભ છે. તેમણે, તેથી, દલીલ કરી હતી કે આ જોગવાઈ સરફેસી એક્ટની કલમ ૧૩ સાથે વાંચવી જોઈએ. વિદ્વાન સીનીયર કાઉન્સેલ શ્રી શાલિન મહેતાએ દલીલ કરી હતી કે સરફેસી એક્ટની કલમો ૧૩(૨) અને ૧૩(૩) બેંક જેવા સિક્યોર્ડ ક્રેડિટરને અરજદારો જેવા વ્યક્તિઓ સહિત નોટિસ આપવા માટે બાધ્ય કરે છે, જેઓ કબજામાં છે. તેમણે મક્કમતાપૂર્વક દલીલ કરી હતી કે કારણ કે કોઈ નોટિસ આપવામાં આવી

